કેન્દ્રિય સાતમા પગારપંચની
ભલામણો અન્વયે રાજ્યના જાહેર
સાહસો-બોર્ડ/નિગમના
કર્મચારીઓને પગાર સુધારણાનો
લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ.
ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૬/૧૧ /પગાર એકમ(અ)
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૮ /૬ /૨૦૧૭

વંચાણમાં લીધા: (૧) નાણા વિભાગનો તા.૧૬/૮/૧૬નો ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-૨-પગાર એકમ.
(૨) નાણા વિભાગનો તા.૨૭/૦૨/૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક: પગર-૧૦૦૯-૧૫- પગાર એકમ (અ)

આમુખ:

કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણોને અનુલક્ષીને રાજ્ય સરકાર, પંચાયત સેવા અને સહાયક અનુદાન મેળવતી સંસ્થાના કર્મચારીઓને નાણા વિભાગના તા.૧૬/૦૮/૨૦૧૬ ના ઠરાવથી સુધારેલ પગાર અને પેન્શનનો લાભ આપવામાં આવેલ છે. રાજ્ય સરકાર હસ્તકના જાહેર સાહસો, બોર્ડ/નિગમોના કર્મચારીઓના કિસ્સાઓમાં પણ પગાર સુધારણાનો આ લાભ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:

રાજ્ય સરકાર પુખ્ત વિચારણા બાદ ઠરાવે છે કે, રાજ્યના ૩૨ જેટલા બોર્ડ-નિગમના કર્મચારીઓના પગાર ભથ્થાંના ખર્ચ માટે રાજ્ય સરકાર દ્વારા અનુદાન આપવામાં આવતું નથી, તેમજ આ ખર્ચ જે તે બોર્ડ-નિગમના સ્વભંડોળમાંથી કરવામાં આવે છે. આવા બોર્ડ-નિગમના કર્મચારીઓને કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણ મુજબના સુધારેલ પગાર માળખા મુજબના લાભ મળવાપાત્ર થશે.

વધુમાં જે બોર્ડ/નિગમ દ્વારા યુનિયનો સાથે થયેલ સેટલમેન્ટની જોગવાઇઓ મુજબ પગાર સુધારણાનો લાભ આપવામાં આવતો હોય તેવા બોર્ડ/નિગમના કર્મચારીઓના કિસ્સામાં સેટલમન્ટની શરતોની જોગવાઇઓ અનુસાર તથા સમાધાનનો સમયગાળો પૂર્ણ થયા બાદ પગાર સુધારણાની દરખાસ્ત રજુ કરવાની રહેશે.

રાજ્ય સરકાર હસ્તકના આવા જાહેર સાહસો, બોર્ડ/ નિગમો કે જેને છઠ્ઠા પગાર પંચનો લાભ નાણા વિભાગની મંજુરીથી આપવામાં આવેલ હોય અને પગાર બાંધણીની ચકાસણી થયેલ હોય તેઓને જ નિયત શરતોને આધીન પગાર સુધારણાનો આ લાભ મળવાપાત્ર થશે. આ માટે જાહેર સાહસો/બોર્ડ/નિગમ દ્વારા પોતાના કાર્યવાહક મંડળ/બોર્ડ ઓફ ડીરેક્ટર્સની બેઠકમાં જરૂરી ઠરાવ પસાર કરી નિયત કરાયેલ કાર્યપધ્ધતિ-વિગતો(ચેકલીસ્ટ) મુજબની દરખાસ્ત સબંધિત વિભાગ મારફતે નાણા વિભાગની મંજુરી અર્થે અલગથી રજુ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ,
નાણા વિભાગ

નકલ રવાના પ્રતિશ્રી:

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય , ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.

......ઉપરોકત ઠરાવની જાણ જે તે વિભાગના નિયંત્રણ હેઠળના તમામ બોર્ડ/નિગમ/જાહેર સાહસોને કરવા અને આ ઠરાવનું ચુસ્તપણે પાલન થાય તે જોવાની વિનંતી સાથે.

- રાજ્ય સરકારના સર્વે જાહેર સાહસો/બોર્ડ/નિગમ/વેન્ચર કંપનીઓ
  નાણા વિભાગના સર્વે અધિકારીઓ/શાખાઓ
- સિસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ, ગાંધીનગર વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ, પગાર એકમ/ અ શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પત્ર દ્વારા